Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈનધર્મપ્રકાશ.

## JAINA DHARMA PRAKASHA.

દોહરો.

જ્ઞાનામૃતરસ રસનાગણી, માનદૃગે પ્રતિભાસ;
જગજીવનો રસમગ્ન તે, વાંચો જૈનપ્રકાશ.

પુસ્તક ૯ મું. શાકે ૧૮૧૫ માગશર શુદિ ૧૫ સંવત ૧૯૫૦ અંક ૯ મો.

## શ્રી અમદાવાદમાં શ્રાવક સમુદાયના આગેવાન ગ્રહસ્થોનું મળવું, તેમાં થએલા ઠરાવો અને તે સંબંધીની છેવટની સૂચના.

શ્રી સિદ્ધાચળ મહાતીર્થે કાર્તિક શુદિ ૧૫ ની યાત્રા કરવા સારૂ દેશ પરદેશથી સુમારે પંદર હજાર યાત્રાળુઓ એકઠા થએલા હતા તે પ્રસંગે અમારી સભાના પ્રમુખ તથા મંત્રી વિગેરે સભાસદો પણ ગયા હતા. પ્રથમથી થએલા વિચારને અનુસરીને ૫૦૦૦ હેંડબીલો યાત્રાળુઓમાં વેંચવા સારૂ છપાવી મંગાવેલાં હતાં. તે વેંચવાથી યાત્રાળુઓના મન ઉપર કેટલીએક સારી અસર થઈ હતી. તે હેંડબીલ નીચેના મતલબનું હતું.

### यात्रालुओने अगत्यनी सूचना.

શ્રી સિદ્ધાચળજી મહાતીર્થની યાત્રા કરવાને માટે પધારેલા સર્વે જૈન બંધુઓએ આ જાહેર ખબરથી નીચે જણાવેલી પાંચ સૂચનાઓ ઉપર લક્ષ આપવાની પૂરતી જરૂર છે.

**સૂચના પહેલી—જીવ દયા સબંધી**—આપ સાહેબોને લક્ષમાં આપવાની જરૂર છે કે શેઠ આણંદજી કલ્યાણજી તરફથી શ્રી ડુંગરઉપરથી ડોળીઆવાળી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખાને મોટી સંખ્યામાં જાનવરો રાખવામાં આવે છે તેનો ખર્ચ એટલો બધો થાય છે કે છવદયાની ઉપજ જમે થતાં છતાં સુમારે બે લાખ રૂપીઆ લેણા થએલા છે, જો કે દરેક યાત્રાળુઓ યથાશક્તિ એ ખાનામાં રકમ આપે છે ખરા પરંતુ જ્યારે ખરચના પ્રમાણમાં ઉપજ થતી નથી ત્યારે આપવા ધારેલ રકમમાં સહેજ વધારો કરીને, તેમજ નહીં ધાર્યું હોય તેઓએ જરૂરીઆત સમજીને, જો સારી રકમ એ ખાતામાં કારખાને આપવામાં આવશે તો ઉપજમાં સારી રીતે વૃદ્ધિ થશે અને તેથી એ ખાતામાં ભંડારના રૂપિઆ વાપરવાની જરૂર પડે છે તે બંધ થશે.

**સૂચના બીજી**—દરેક જૈન બંધુઓના સમજવામાં છે કે આ મહા તીર્થે આવતા યાત્રાળુઓના રક્ષણ તરીકેના દર વર્ષે પંદર હજાર રૂપીઆ નામદાર પાલીતાણા દરબારને કારખાનામાંથી આપવાની જરૂર પડે છે. આ રૂપીઆ યાત્રાળુઓના રખોપા બદલના હોવાથી આપણે તે રકમ આપવી જોઈએ; તેને માટે એક એવી રકમ તૈયાર કરવામાં આવે છે કે જેના વ્યાજમાંથી દર વરસે એટલી રકમ ઉત્પન્ન થઈ શકે. પરંતુ હજુ સુધી એવી સારી રકમ તૈયાર થઈ શકી નથી તેનું કારણ માત્ર મફત યાત્રા કરવાનો લાભ મેળવી એ બાબતને તદ્દન ભૂલી જઈને તેને માટે પોત પોતાના ગામમાં યા શહેરમાં પ્રયત્ન કરવામાં આવતો નથી તે છે. માટે આ સૂચનાને લક્ષમાં રાખીને સ્વદેશ ગયા બાદ આ અગત્યની અને ન કરવામાં આવે તો દેવદ્રવ્યનો દોષ લગાડનારી બાબતને ભૂલી ન જતાં પોતપોતાના ગામમાં જે રકમ બની શકે તે કરવી અને તે કારખાને મોકલાવી આપવી. જ્યાં સુધી આ બાબત ઉવેખી મુકશો ત્યાં સુધી દેવદ્રવ્ય વડે યાત્રા કરવાનો દોષ લાગશે.

**સૂચના ત્રીજી**—અહીંની કેટલીએક ધર્મશાળાના અધિકારીઓ આવા મોટા મેળાને પ્રસંગે ધર્મશાળા બંધાવનારના શુભ વિચારને તદ્દન ભૂલી જઈને ઓરડીઓ વિગેરેનું ભાડું લેવાના લાલચુ બનેલા છે અને કેટલાએકો તે બાબતનું રૂપાંતર કરીને બીજી બાબતમાં અમુક રકમ આપવાનું ઠરાવ્યા બાદ ઉતરવા દેછે. એ બંને વાત બહુજ હીણપસ્તી ભરેલી છે. તેને યાત્રાળુઓ અણ છુટકે સારી રકમ આપીને ઉલટા ઉત્તેજન આપે છે. માટે એ પ્રમાણે માગણીનો સ્વીકાર ન કરવો જોઇએ. તેમ છતાં કદી ઉતારાની જરૂરીઆતને લીધે કાંઈ આપવુંજ પડે તો તેવા લેનારના બદઇરાદાને ઉઘાડો પાડી એ વાત જાહેરમાં મુકી દેવી જોઇએ. જેથી તેઓ ફરીને તેમ કરતા અટકે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## અમદાવાદનાં સંઘમાં થયેલા ઠરાવ.

**સૂચના ચોથી**—અહીંઆં જુદી જુદી ધર્મશાળા વિગેરેમાં તેમજ ડુંગર ઉપર જુદાં જુદા દેરાસરો થયેલા છે તેના કરનારાઓએ યાત્રાળુઓ ઉપર આધાર નહીં રાખતાં તેનો ખરચ પોતાથી ચલાવવાનો વિચાર રાખેલો અને તેને માટે ઘટિત ગોઠવણો પણ કરેલી તે છતાં હાલમાં કેટલાએક વહીવટ કરનારાઓ એ વિચાર ઉપર પાણી ફેરવીને ખરચ ચલાવવાની સગવડ છતાં પણ યાત્રાળુઓ પાસેથી જુદા જુદા ભંડાર લેવા લાગ્યા છે અને યાત્રાળુઓ પણ ઉતારાની લાલચે તેમજ સમજણ ફેરના કારણથી આપવા પણ લાગ્યા છે આમ થવાથી કારખાનાની અંદર જ્યાં હજારો રૂપિઆઓનો અણધાર્યો ખરચ છે ત્યાંની ઉપજમાં ખામી પડે છે માટે આ બાબત યાત્રાળુઓએ પોતેજ સમજીને ભંડાર નામીજે જે આપવું હોય તે કારખાનેજ આપવાનો નિર્ણય રાખવો; જેથી બીજા વહીવટ કરનારાઓને સમજાવવાની જરૂર પડે નહીં.

**સુચના પાંચમી**—આપણો જૈન સમુદાય આખા હિંદુસ્તાનમાં ફેલાએલો છે તેમના આખા વરસમાં એક વખત પણ એકઠા ન મળવાથી અનેક તીર્થોના વહીવટો માંહેના ગેટાળા સંબંધી, જૈનશાસ્ત્રોની વૃદ્ધિ અને સાર સંભાળ સબંધી, શ્રાવક સમુદાયમાં કેળવણીની બેસુમાર ખામી છે તેની પૂરતી કરવા સંબંધી, નીરાશ્રીત જૈનબંધુઓને આશ્રય દેવા સંબંધી, અનેક પ્રકારના ખોટા રીવાજો દાખલ થઇ જવાથી થતી હાનીને દૂર કરવા સંબંધી, બે સુમાર જીરણ દેરાસરો સમરાવ્યા વિનાશ વિના પામતા જાય છે, તેનો અટકાવ કરવાને માટે જીર્ણોદ્ધારનું કાર્ય શરૂ કરવા સબંધી, જરૂરની બાબતોને છોડી દઇને બીન જરૂરી અથવા વગર અટકે ચાલી આવતી બાબતોમાંજ ઉપરા ઉપરી દ્રવ્યનો વ્યય થયા કરે છે તે સંબંધી, વિગેરે અનેક બાબતો બીલકુલ ચરચાતી નથી અને તેથી પારાવાર નુકશાની સહન કરવી પડે છે. માટે આવા મહાન્ તીર્થે અથવા મુંબઇ, અમદાવાદ, સુરત, ભાવનગર વિગેરે જૈન બંધુઓની બહોળી અને ઉત્સાહવાળી સંખ્યાવાળા શેહેરોમાં વારાફરતી દર વર્ષે એક મોટી સભા (કોન્ગ્રેસ.) ભરવાની જરૂર છે. તેની અંદર આખા હિંદુસ્તાનમાંથી-દરેક શ્રાવક ભાઈઓની વસ્તીવાળા શેહેરોમાંથી સારી સંખ્યામાં મહસ્થો આવવા જોઇએ અને તેમાં ઉપર જણાવી છે તે તેમજ બીજી પણ જરૂરની બાબતો ચરચાવવી જોઇએ તેથી બહુ પ્રકારનો લાભ થશે માટે આ પ્રસંગે આ બાબત પણ સર્વે યાત્રાળુઓના લક્ષ ઉપર લાવવાની અમે જરૂર જોઇએ છીએ, કિંબહુના!

કાર્તિક શુદ ૧૫ સંવત ૧૯૫૦ }

**શ્રી જૈનધર્મ પ્રસારક સભા.**

**ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાર્તિક સુદિ ૧૫ ની રાત્રે વદ ૧ ની નવકારશીનાં નોતરાં દેવા સારૂ કારખાનામાં સંઘ એકઠો મળ્યો તેમાં પાલીટાણાના ગૃહસ્થો તથા મોટી સખાવતના ચલાવનારાઓ ઉપરાંત શેઠ વીરચંદભાઈ દીપચંદ મુંબાઈવાળા, શેઠ અનુપચંદ મલુકચંદ ભરૂચવાળા, શેઠ સખારામભાઈ દુલભદાસ ધોલેરાવાળા, સંઘવી વખતચંદ સુંદરજી ગોઘાવાળા, વોરા અમરચંદ જસરાજ તથા શા. કુંવરજી આણંદજી ભાવનગરવાળા, શા. ગોકળભાઈ દુલભદાસ વડોદરાવાળા, શા. પીતાંબરદાસ અમરચંદ ખંભાતવાળા, શા. હેમચંદભાઈ કરમચંદ પાટણવાળા વિગેરે ગૃહસ્થો પધાર્યા હતા તે પ્રસંગે બહાર પડેલા હેંડબીલ સંબંધી ચરચા ચાલતાં તે હેંડબીલ ત્યાં વાંચવામાં આવ્યું. અને તે ઉપર વિચાર ચાલ્યો. છેવટે એવો નિર્ણય થયો કે જો અહીં પધારેલા ગૃહસ્થો સર્વે એક દિવસ મુકરર કરીને તે દિવસે અમદાવાદ જાય અને દેશાવરથી બીજા ગૃહસ્થોને આમંત્રણ કરવામાં આવે તેઓ પણ આવે તો ત્યાં અમદાવાદનો સંઘ એકત્ર કરીને જરૂરની બાબતોના વિચાર તથા ઠરાવો થઈ શકે. આ બાબત ત્યાં પધારેલા ગૃહસ્થો પૈકી મુખ્ય મુખ્ય ગૃહસ્થોએ કબુલ કરવાથી નીચે જણાવેલા ગૃહસ્થોની કાર્તિક વદ ૧૩ એ અમદાવાદ આવવાની કબુલત લેવામાં આવી.

| | |
|---|---|
| શેઠ વીરચંદભાઇ દીપચંદ. | શા. વાડીલાલ સાંકળચંદ. |
| શેઠ અનુપચંદ મલુકચંદ. | શા. મગનલાલ ગોકળચંદ મોદી. |
| શેઠ સખારામભાઇ દુલભદાસ. | શા. ગોકળભાઈ દુલભદાસ. |
| શેઠ પોપટભાઇ અમરચંદ. | શા. તલકચંદ માણેકચંદ. દમણી. |
| ઉ. પીતાંબરદાસ. | |
| સંઘવી વખતચંદ સુંદરજી | પરી. બાલાભાઇ ગીરધરલાલ. |
| વોરા અમરચંદ જસરાજ. | શા. કુંવરજી આણંદજી. |

દેશાવરના કેટલાએક ગૃહસ્થોની ઉપર શેઠ વીરચંદભાઇ દીપચંદ વિગેરેની સહીઓથી આમંત્રણ પત્રો લખવામાં આવ્યા એ રીતે ધારેલી ધારણાનો પાયો રોપ્યો.

ઠરાવેલી મુદતસર કેટલાએક ગૃહસ્થો પાલીટાણાથીજ પરબાર્યા અને કેટલાએક ગૃહસ્થો પોતાને વતન જઇને અમદાવાદ આવ્યા.

દેશાવરમાં કરેલા આમંત્રણ ઉપરથી પણ કેટલાએક ગૃહસ્થો ત્યાં આવ્યા. કબુલત આપેલા પૈકી ચાણચાર ગૃહસ્થો આવી શક્યા નહીં એ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કંદર ૧૮ ગૃહસ્થો બહાર ગામથી આવ્યા તે નીચે પ્રમાણે.

મુંબાઇવાળા.

| | |
|---|---|
| શેઠ વીરચંદભાઈ દીપચંદ. | શેઠ ફતેચંદ મલુકચંદ. |
| શેઠ લાલચંદ માણેકચંદ. | શેઠ નાનચંદ ફુલચંદ. |

શા. ફકીરચંદ પ્રેમચંદ જૈન યુનીયન કલબના સેક્રેટરી.

| | |
|---|---|
| શેઠ અનુપચંદભાઈ મલુકચંદ. | ભરૂચ |
| શેઠ મયારામભાઈ દુલભદાસ. | ધુળીઆ. |
| શેઠ પોપટભાઈ અમરચંદ. | ખંભાત. |
| શેઠ પીતાંબરદાસ અમરચંદ | ,, |
| ઝવેરી માણેકલાલ ઘેલાભાઈ. | વડોદરા. |
| શા. ગોકળભાઈ દુલભદાસ. | ,, |
| વોરા અમરચંદ જશરાજ. | ભાવનગર |
| શા. કુંવરજી આણંદજી | ,, |
| ગાંધી દલીચંદ કુરજી. | ,, |
| સંઘવી નાગજીભાઈ ફુલચંદ. | લખતર. |
| શા. ફકીરચંદ નથુભાઈ. | માંડલ. |
| શા. લહેરાભાઈ કરમચંદ. | પાટણ. |
| શા. તલકચંદ માણેકચંદ દમણી. | પાલીટાણા |

આ સર્વે ગૃહસ્થોને કામકાજની પુરતી સગવડ થવા માટે શેઠ વીરચંદભાઈ દીપચંદે પોતાને ત્યાંજ ઉતરવાનું આમંત્રણ કર્યું હતું. ઘણો ભાગ વદ ૧૨ શે અને બાકી વદ ૧૩ શે આવ્યા હતા.

પ્રારંભમાં અમદાવાદના આગેવાન ગૃહસ્થોને તથા શેઠ આણંદજી કલ્યાણજીના વહીવટ કરનારા પ્રતિનિધી સાહેબોને મળીને કેવી પદ્ધતી ઉપર કામ લેવું અને કયું કામ પેહેલાં કરવું તેનો વિચાર ચલાવ્યા બાદ નગરશેઠ મનાભાઇ પ્રેમાભાઇને મળીને વદ ૧૪ ગુરૂવારની બપોરે સંઘ એકઠો કરવા વિનંતી કરી. તેઓ સાહેબે પણ સૌના આવવાથી સારો સંતોષ બતાવ્યો અને સંઘ મેળવવાનું કબુલ કર્યું તેમજ આમંત્રણ ફેરવવામાં આવ્યું.

વદ ૧૪ ની બપોરે બે વાગે સંઘના આગેવાન ગૃહસ્થો નગરશેઠને બંગલે એકઠા થયા. બહાર ગામથી આવેલા ગૃહસ્થો પણ પધાર્યા. પ્રારં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આમાં શેઠ સાહેબે જાહેર કર્યું કે બહાર ગામથી આમુક આમુક ગ્રહસ્થો રખોપાની ટીપ સંબંધી, જીવદયા સંબંધી વિગેરે કાર્યોને માટે અત્રે આવેલા છે માટે તેમની હકીકત સાંભળીને એ બાબતમાં ઘટીત વિચાર કરવો જોઇએ.

બહાર ગામથી આવેલા ગ્રહસ્થોએ મુખ્ય ઠરાવેલા શેઠ વીરચંદભાઈ દીપચંદે પ્રારંભમાં જાહેર કર્યું કે—"યાત્રાળુઓના રખોપા બદલ મુકરર થયેલા રૂ૧૫૦૦૦) દર વર્ષ પાલીટાણા દરબારને આપવામાં આવે છે. એ વાતને સાત વર્ષ થવાથી રૂ૧૦૫૦૦૦) કારખાનામાંથી અપાઈ ચુક્યા છતાં હજુ આપણે તેને માટે કરવા માંડેલી ટીપ પુરી કરી નહીં, થયેલ ટીપનાં નાણાં પુરતા વસુલ થયા નહીં અને વસુલ થયેલા નાણાનું વ્યાજ પણ શેઠ આણંદજી કલ્યાણજીને મળ્યું નહીં માટે હવે તે ટીપનું કામ પુરૂં કરવું જોઇએ અને વ્યાજ દર વર્ષે નિર્વિઘ્ને આણંદજી કલ્યાણજીને મળી શકે તેમ થવું જોઇએ જેથી હવે પછીના વર્ષે કારખાનામાંથી રૂપીઆ આપવાની જરૂર ન પડે." આ બાબત સારી પેઠે ચરચાતાં છેવટે ઠરાવ કરવામાં આવ્યો કે—

"શત્રુંજય ડુંગરે જનાર યાત્રાળુના રખોપા સંબંધી દરવર્ષે રૂ૧૫૦૦૦) આપવા પડે છે તે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીમાંથી ગઈ શાલ સુધી અપાયેલા છે તે તે પેઢીમાં રખોપા ખાતે ઉધરેલા છે. તે રખોપાની રકમ ભરવા સંબંધી અમદાવાદમાં અને બીજા દેશાવરોમાં ટીપ થએલી છે તેમાં કેટલાક રૂપૈઆ વસુલ આવેલા છે અને કેટલાએક આવવાના તથા ભરાવાના બાકી છે તેનુ વ્યાજ હજુ સુધી શેઠ આણંદજી કલ્યાણજીને આપવામાં આવ્યું નથી માટે તે બાબત એવી રીતે ઠરાવવામાં આવે છે કે અમદાવાદની રખોપા કમેટીના હસ્તકમાં જે રૂપૈઆ અમદાવાદના અને બીજા ગામોના આવેલા છે તેનું વ્યાજ આજ સુધી ઉપજેલું હોય તે રખોપા* કમીટીએ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીમાં રખોપાના ભરવા સંબંધમાં આપવું અને હવે પછી જે રૂપૈઆ આવે તે સુધાંતનું વ્યાજ ઉત્પન્ન થાય તે દર વર્ષ ઉપર પ્રમાણે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીમાં રખોપા કમીટીએ આપ્યા જવું. અને મુંબાઇમાં જે રૂપૈઆ ઉપજેલા

---

૧ શેઠ સારાભાઇ મગનભાઈ કરમચંદના પ્રમુખપણા નીચે ૨૧ ગ્રહસ્થોની એક કમીટી ઠરાવવામાં આવેલી છે તેનું નામ રખોપા કમીટી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે તેનું વ્યાજ આજ સુધી જે આવ્યું હોય તે તથા દર વર્ષે જે અમુક રકમ આપવાની ઠરેલી છે તેમાંથી જે આવેલ હોય તે, શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીમાં મોકલી આપવાને અને હવે પછી ત્યાં જે વ્યાજ ઉત્પન્ન થાય તે તથા ઊચક ઠરેલી રકમ, દર વર્ષે રખોપાના રૂપૈયા ભરવા સારૂ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીમાં મોકલી આપવને તથા તેનો હિસાબ મોકલી આપવાને મુંબઇથી આવેલા ગ્રહસ્થો કબુલ કરે છે માટે તેઓએ એ પ્રમાણે મોકલી આપવું. મુંબઇવાળા આ ઠરાવ પ્રમાણે વર્તે ત્યાં સુધી અમદાવાદની રખોપા કમીટીએ પણ વર્તવું અને ઉપર પ્રમાણે વર્તવાને વાસ્તે અમદાવાદની રખોપા કમીટીએ મુંબઇ કાગળ લખવો કે "અહીંથી વ્યાજ આપવામાં આવશે માટે આપ પણ મોકલી આપશો" એવો કાગળ લખ્યા પછી તેમનો જવાબ ઊપર પ્રમાણે વર્તવાનો આવ્યેથી આ ઠરાવ અમલમાં આવશે."

ઉપર પ્રમાણેના ઠરાવ નીચે અમદાવાદના સંઘના આગેવાન ગ્રહસ્થોની તથા બહાર ગામથી આવેલા ગ્રહસ્થોની સહીઓ લેવામાં આવી. ત્યાર બાદ વખત ભરાઇ જવાથી બાકીના કાર્યને માટે વદ૦)) શુકરવારની રાત્રે સંઘ મેળવવાનો ઠરાવ કરીને સંઘ બરખાસ્ત થયો.

વદ૦)) ની રાત્રે પ્રથમના ઠરાવ મુજબ સંઘ એકઠો થયો. બહાર ગામના ગ્રહસ્થો પૈકી શેઠ દયાચંદ મલુકચંદ, શેઠ તલકચંદ માણેકચંદ તથા શેઠ નવલચંદ ઉદેચંદ અને હરખચંદ રાયચંદ મુંબઇ સીધાવેલા હતા તે સિવાય બાકીના ગ્રહસ્થો આવ્યા એટલે પ્રારંભમાં રખોપાની ટીપ પૂરી કરવા સંબંધી વિચાર ચલાવવામાં આવ્યા તે બાબત ચોકસ ઠરાવો થયા બાદ જીવદયા ખાતે શ્રી છાપરીઆળીની પાંજરા પોળના ભારે ખર્ચથી સુમારે બે લાખ રૂપૈઆ શેઠ આણંદજી કલ્યાણજીના લેણા થયા છે તેના તે પુરા કરવા બાબત વિચાર ચાલ્યો. શેઠ વીરચંદભાઇ દીપચંદે જાહેર કર્યું કે "આ બાબત પાલીટાણામાં કાર્તિકી ઉપર આવેલા યાત્રાળુઓ રૂબરૂ ચરચતાં સૌનો એવો વિચાર થયો કે " જો આખા હિંદુસ્તાન માંહેના શ્રાવકભાઇઓના દરેક ઘર દીઠ એક રૂપીઆથી પાંચ રૂપીઆ સુધી એક વખતને માટે ઉઘરાવવામાં આવે તો એ લેહેણું કેટલેક અંશે વસુલ થઇ શકે" આવો ઠરાવ જો આ સંઘમાં પસાર કરવામાં આવે તો તેને કબુલ રાખવા માટે અનેક દેશાવરના સુમારે બે હજાર યાત્રાળુઓએ અમને

For Private And Personal Use Only

સહીઓ કરી આપેલી છે તે અમે અમારા વિચારના ટેકામાં અત્રે રજુ કરીએ છીએ.”

આ બાબત સારી રીતે ચરચાયા બાદ તે બાબત પણ ઉપરના વિચારને અનુસરતો ઠરાવ કરવામાં આવ્યો.

---

## એ દિવસે થયેલ ઠરાવોનો સાર નીચે પ્રમાણે—

### કાર્ત્તિક વદ ૦)) ની રાત્રે મળેલા સંઘમાં થયેલ ઠરાવોનો સાર.

પ્રારંભમાં અમદાવાદ શેહેરની ટીપ પૂરી કરવા માટે વીસા શ્રીમાળી દસા શ્રીમાળી, વીસા ઓસવાલ, દસા ઓસવાળ, વીસા પોરવાડ, દસા પોરવાડ, થરાદીઆ તથા મારૂ સાથ એ પ્રમાણેની આઠ જ્ઞાતિઓના આગેવાન વિગેરેને તે તે નાતની ટીપ પૂરી કરવા માટે ચોકસ ઠરાવવામાં આવ્યા અને તે કામ સંપૂર્ણ કરવા માટે એક માસથી છ માસ સુધીની જોઈતી મુદત આપવામાં આવી.

આ સંબંધમાં એમ ઠરાવવામાં આવ્યું કે દરેક જ્ઞાતિના આગેવાન ગ્રહસ્થોને તેમના માગ્યા મુજબ મુદત આપવામાં આવી છે તેથી તેટલી મુદતમાં તેમણે પોતપોતાની નાતનું ટીપ સંબંધી કામ પૂરું કરવું તેમાં કોઈ પણ નાતવાળો પોતાની નાતના આગેવાનના કહેવાને અનુસરીને વાજબી રકમ ભરે નહીં અથવા બીજી જાતની તકરાર આણે નહીં તેમના નામ દરેક નાતવાળાએ નગરશેઠ તરફ મોકલી આપવા એટલે તે બાબત સંઘ એકઠો કરીને યોગ્ય ઠરાવ કરવામાં આવશે.

બહાર ગામની ટીપનું કામ પૂરું કરવા માટે શ્રી કપડવંજ, ખેડા, સાણંદ, ગોધાવી, વીરમગામ, રાધનપુર, પાટણ, પાલણપુર, થાન, લખતર, મોરબી, વાંકાનેર, વળા, બોરસદ, મેસાણા વિગેરે ગામે એ ટીપ કરવા જનારના નામો મુકરર કરવામાં આવ્યાં અને તેમને માગ્યા પ્રમાણે એક માસથી છ માસ સુધીની મુદત આપવામાં આવી કે તેમણે તેટલી મુદતમાં નીમેલા ગામની ટીપ કરી આવવી અને તેની નોંધ શેઠ આણંદજી કલ્યાણજી તરફ મોકલવી.

બાકી રહેલા આખા હિંદુસ્થાનના દરેક શ્રાવક ભાઈઓની વસ્તીવાળા

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગામોમાં જઈને ટીપ પુરી કરી આવવા માટે—આ રખોપાની ટીપને માટેજ જેમણે પાઘડી ઊતારીને ફેટો બાંધેલો છે અને જેઓ લગભગ ત્રણ વર્ષથી એજ કાર્યને માટે દેશ પરદેશમાં ફરે છે, કેટલાએક ગામોમાં જેમના પ્રયાસથી ટીપો થયેલીઓ છે, લગભગ પાંચ છ હજાર રૂપૈઆ પોતાના પદરથી જેમણે આ કાર્યમાં ખર્ચ કરેલો છે એવા ચતુર્થ વ્રતના ધારણ કરનાર, વ્યાપાર ત્યાગી, દરરોજ એકાસણું કરનાર અને ઊઘાડે પગે રહેનાર શ્રાવક પીતામરદાસ અમરચંદ—શેઠ અમરચંદ પ્રેમચંદ ખંભાતવાળાના ચીરંજીવીને એવી સત્તા આપવામાં આવી કે તેમણે પોતાને પસંદ પડતાં જોઈએ તેટલા માણસો રાખવા અને ટીપનું કામ આગળ ચલાવવું આ બાબતનું પગાર વિગેરે ખર્ચનું તેમના તરફથી દર માસે જે બીલ આવે તે શેઠ આણંદજી કલ્યાણજીએ પસાર કરવું.

આ પ્રસંગ નીકળતાં શેઠજી સાહેબે તથા બીજા ગ્રહસ્થોએ આવા ઊત્તમ કાર્યમાં તન મન ધનથી પ્રયાસ કરવા માટે સદરહુ પીતામરદાસની બહુજ પ્રશંસા કરી હતી.

રખોપાની ટીપ સંબંધી કાર્ય પુરૂં થતાં જીવ દયા સંબંધી વિચાર ચલાવવામાં આવ્યા. તે બાબત છેવટે ઠરાવ કરવામાં આવ્યો કે—શેઠ આણંદજી કલ્યાણજીને ત્યાંથી છાપરીઆળી ખાતે જીવ દયામાં સુમારે બે લાખ રૂપીઆ ઊપડેલા છે તેથી તેમાં પૂરતી કરવા સારૂ આખા હિંદુસ્થાનમાંહેના શ્રાવક ભાઈઓના દરેક ઘર દીઠ એક વખતને માટે રૂ ૧) થી રૂ ૫) સુધી લેવા. અને તેથી વધારે આપે તે ખુશી સાથે સ્વીકારવું.

અમદાવાદમાં મુખ્ય ચાર નાતોમાં કેટલાક વર્ષથી અંત અવસ્થાએ કહેવામાં આવતા ધરમાદામાથી ચોથો હીસ્સો છાપરીઆળી ખાતે મોકલવામાં આવે છે અને તેથી સુમારે ત્રણ ચાર હજાર રૂપૈઆ દર વર્ષ આવે છે માટે અમદાવાદને માથે ઉપર પ્રમાણે ઠરાવ લાગુ ન કરતાં ધર્માદાનો ચોથો હીસ્સો લેવાનુંજ કાયમ રાખવું પરંતુ જે નાતોવાળા આપતા નથી તેમણે હવે પછીથી આજના સંઘમાં થયેલાં ઠરાવને અનુસરીને ચોથ ભાગ મોકલી આપવો.

જીવ દયાની ઊપરાતનું કામ કરવા સારૂ બહાર ગામના કેટલાએક ગ્રહસ્થોએ પોતાના ગામમાંથી તેમજ પોતાને લગતા ગામોમાંથી ઊઘરાવીને મોકલવાનું કબુલ કર્યું અને અમદાવાદના કેટલાએક ગ્રહસ્થોએ અમદાવાદની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આસપાસના ગામોમાંથી ઊઘરાવી લાવવાનું કબુલ કર્યું તથા બાકીની ત-ગામ ઊઘરાતને માટે પ્રથમ આ ઠરાવના છાપાં છપાવી શ્રાવકની વસ્તી વાળા ગામે ગામ મોકલવા, ઊઘરાત કરી મોકલવા લખવું અને છેવટે માણસો રાખીને ઊઘરાવવું એમ ઠર્યું. આ કામમાં ઊઘરાત કરી લાવવાને સંબંધે જે ખર્ચ થાય તે યોગ્ય ખાતે માંડીને શેઠ આણંદજી કલ્યાણજીએ આપવો એમ ઠર્યું.

ઉપર પ્રમાણે કાર્યો થયા બાદ શેઠ સાહેબનો તથા સંઘમાં પધારેલા બહાર ગામના ગ્રહસ્થોનો ઉપગાર માનીને રાત્રીના એક વાગતે સંઘ બરખાસ્ત થયો.

---

આ ઠરાવની નીચે પણ અમદાવાદના સંઘના આગેવાનોની તથા બહાર ગામથી આવેલા ગ્રહસ્થોની સહીઓ કરવામાં આવી.

ઉપર પ્રમાણેના મુખ્ય બે કાર્યો થયા બાદ શેઠ આણંદજી કલ્યાણજીના વહીવટ કરનાર પ્રતિનિધિ સાહેબોની રૂબરૂ કેટલીએક વિનંતી કરવાની અને ઠરાવો કરાવવાની જરૂર જણાયાથી એમની મીટીંગ બોલાવવા માટે નગરશેઠ. મયાભાઇ જેઓ એ કમીટીના પણ પ્રેસીડેન્ટ છે તેમને અરજ કરવામાં આવી અને તેઓ સાહેબે માગસર શુદ ૨ રવીવારની રાત્રે કમીટી બોલાવવાનું કબુલ કરી સરક્યુલર ફેરવ્યો.

દરમ્યાન શ્રી પાલીતાણાની અંદર સ્થાપન કરેલા શ્રી સિદ્ધ ક્ષેત્ર પુસ્તકાલયનો પાયો મજબુત કરવા સારૂ શ્રાવક અંબાલાલ ચુનીલાલ જેઓએ પોતાની જીંદગીનો ઘણો ભાગ ધર્મકાર્યોમાં તેમજ પુસ્તક એકઠું કરવામાં ગાળેલો છે તેમનું પુસ્તક જે કે સુમારે દશ હજાર રૂપૈઆ ઉપરાંત કિંમતનું કહી શકાય તે હાલ સુધી અમદાવાદમાં ડેલાને ઉપાશ્રયે કોઇના ઉપયોગમાં ન આવે એવી સ્થીતીમાં હતું તે પાલીતાણે કારખાનામાં સદરહુ પુસ્તકાલયમાં મુકવા માટે લેવાનો પ્રયત્ન કરવામાં આવ્યો. શેઠ. વીરચંદભાઇ, અનોપચંદભાઈ, સખારામભાઈ, ગોકળભાઇ, તલકચંદભાઇ, તથા પીતાંબરદાસના સમજાવવાથી તેમણે એ વાત કબુલ કરી અને ઘણા આનંદ સાથે સદરહુ પુસ્તક મૂળ સ્થાનકેથી ફેરવીને શ્રી પાલીતાણે મોકલવા સારૂ શેઠ. વીરચંદભાઈના મકાને લાવવામાં આવ્યું અને ત્યાંથી શ્રી પાલીતાણે રવાને કર્યું આથી શ્રી સિદ્ધ ક્ષેત્ર પુસ્તકાલયનો મજબુત પાયો રોપાવ્યો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રથમ જણાવ્યા પ્રમાણે માગશર શુદ ૨ રવીવારની રાત્રે નગરશેઠ. મયાભાઈ પ્રેમાભાઈના પ્રમુખપણા નીચે મેનેજીંગ કમીટી એકઠી થઇ તેમાં પધારેલા પ્રતિનિધિઓના નામ—

| | |
|---|---|
| નગરશેઠ. મયાભાઇ પ્રેમાભાઈ. | ઝવેરી. વાડીલાલ વખતચંદ. |
| શેઠ. જેશંગભાઇ હઠીશંઘ. | શા. હઠીશંઘ રાયચંદ. |
| વકીલ. હીરાચંદ પીતામ્બરદાસ. | વકીલ. સાંકળચંદ રતનચંદ. |
| વકીલ. કસ્તુરભાઇ પ્રેમચંદ. | |

શેઠ. ત્રીકમલાલ વાડીલાલ નગળી તબીઅતના કારણથી આવી શ- ક્યા નહોતા. બહાર ગામથી આવેલા સઘળા ગ્રહસ્થો આવ્યા બાદ સેક્રેટરી ગોવીંદલાલ હરજીવને સરક્યુલર વાંચી સંભળાવ્યો. અને પ્રેસીડેન્ટ સાહેબે જાહેર કર્યું કે આજની કમીટીમાં બહાર ગામના સંભાવીત ગ્રહસ્થો પોત પોતાના સંસારીક કાર્યોને છોડી દઇને ધર્મકાર્ય નિમિત્તે અત્રે આવેલા છે તેઓને આપણી કમીટી રૂબરૂ કેટલીએક હકીકત અને પોતાના વિચારો રોશન કરવાના છે અને તે બાબત આપણે વિચાર કરીને વાસ્તવીક ઠરાવો કરવાના છે. માટે તેમના કહેવા ઉપર બરાબર લક્ષ આપવું.

આ પ્રમાણેનો પ્રારંભ થયા બાદ પ્રથમ શેઠ વીરચંદભાઇ દીપ- ચંદે રોશન કર્યું કે—સુમારે બાર વર્ષ ઉપર શેઠ. આણંદજી કલ્યાણ- જીની પેઢીનો વહીવટ કરવા સારૂ ૪૦ પ્રતિનિધિઓની એક કમીટી ઠરાવવા- માં આવી છે તેમાંના અમદાવાદના રહેનાર પૈકી આઠ પ્રતિનિધિઓની મેને- જીંગ કમીટી નીમાયેલી છે અને બાકીના બહાર ગામના ૩૨ પ્રતિનિધિ- ઓને સ્થાનીક પ્રતિનિધિઓ ઠરાવેલા છે તે સર્વેની એકઠી મીટીંગ અદ્યાપિ પર્યંત એક વખત પણ મળેલી નથી તેથી તેને મેળવવા માટે ચોકસ દી- વસ ઠરાવીને આમંત્રણ પત્રો મોકલવા જોઇએ.

આ અને બીજી કેટલીએક જુદી જુદી બાબતોનું કમીટીની અંદર વિવેચન થતાં જે જે ઠરાવો કરવામાં આવ્યા તેમાંના જરૂરીઆતના ઠરા- વોનો સાર નીચે પ્રમાણે—

૧ સ્થાનીક પ્રતિનિધીઓની મીટીંગ આવતા ફાલ્ગુન માસમાં શુદ- ફાઈડના તહેવાર લગભગ બોલાવવી. તેને માટે પ્રથમથી આમંત્રણ પત્રો છપાવીને મોકલવા. જે જે ગામના સ્થાનીક પ્રતિનિધીઓની જગ્યા ખાલી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પડેલી છે. તે પૂરવા માટે તે તે ગામના સંઘ ઉપર પત્ર લખીને તાકીદે બીજું નામ લખી મોકલવા સૂચવવું. એ પ્રસંગ ઉપર દેશાવરમાંથી પ્રતિનિધિ શિવાયના બીજા કેટલાએક આગેવાન ગ્રહસ્થોને પણ આમંત્રણ કરવું. સદરહુ મીટીંગ ફરીથી ભરવાની તારીખ ઠરાવવા અને તે વખતે ચર્ચવા જે જે કામો મુકવાના હોય તે ટુંકામાં આમંત્રણ પત્રની સાથે જણાવવા.

૨ શ્રાવક અંબાલાલ ચુનીલાલનું આવ્યું તે પુસ્તક તથા હવે પછી સિદ્ધ ક્ષેત્ર પુસ્તકાલયમાં જે કાંઈ પુસ્તક આવે અથવા ખરીદ થાય તે કારખાનાની અંદર યોગ્ય જગ્યાએ મુકવા દેવું અને તે પુસ્તકાલયના લાઇફ મેમ્બરોના તથા બીજા જે રૂપૈયા એના સંબંધના આવે તે સિદ્ધ ક્ષેત્ર પુસ્તકાલય કમીટી ખાતે કારખાનામાં જમે કરવા અને પુસ્તક ખરીદ વિગેરેમાં જે ખર્ચ કરવામાં આવે તે તે ખાતાના સેક્રેટરીની સહીથી આપવો.

૩ છાપરીઆળીમાં જનાવરોની માવજત વિશેષ પ્રકારે થવા માટે એક તે ખાતાની પરિક્ષામાં પાસ થયેલ ડાકતર ત્યાં રાખવો.

૪ શ્રી સિદ્ધાચળ વિગેરે અનેક તીર્થોની અડચણો દૂર કરવા તથા હિશાબ તપાસવા અને તેમાં થતી ગેર વ્યવસ્થા મટાડવા માટે એક સારા પગારનું માણસ રાખવું આ બાબત શેઠ. વીરચંદ ભાઈએ કબુલ કર્યું કે એ માણસનો પગાર શેઠ. આણંદજી કલ્યાણજીને આપવો નહીં પડે, અમે પરભારી ગોઠવણ કરી લેશું.

૫ શ્રી પાલીતાણાની પેઢીના મુનીમ દલસુખદાસ મોહનભાઈ તરફનો બહાર ગામના ગ્રહસ્થોએ સારો સંતોષ બતાવ્યો અને તેને ઉત્તેજન મળે તેમ કરવા સૂચવ્યું તે બાબત કમીટીએ યોગ્ય ઉત્તેજન આપવા ઠરાવ કર્યો.

ઉપરની મતલબના અને બીજા કેટલાએક ઠરાવો થયા બાદ કમીટીનું કામ પુરૂં થવાથી પ્રેસીડેન્ટ સાહેબે બહાર ગામથી આવેલા ગ્રહસ્થોની પ્રશંસા કરી અને આભાર માન્યો. બાદ કમીટી બરખાસ્ત થઈ.

---

બહાર ગામથી આવેલા ગ્રહસ્થોએ ધારેલા કાર્યોનો ઉપર મુજબ અમલ થઇ જવાથી ફરીને સ્થાનીક પ્રતિનિધીઓની મીટીંગ મળે ત્યારે આમંત્રણ આવે કે તરત મુકરર કરેલા દિવસ અગાઉ ફરીને અમદાવાદ આવવાનો અને એકઠા મળવાનો ઠરાવ કરીને તેમજ શેઠ વીરચંદભાઈ દીપ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચંદે પાલીતાણે આવ્યા ત્યારથી અત્યાર સુધી જે શુભ પ્રયાસ કર્યો છે અને ઉદારતા દર્શાવી છે તેમજ બહાર ગામથી આવેલા ગ્રહસ્થોનો જે સત્કાર કર્યો છે તેને માટે તેઓ સાહેબનો આભાર માનીને સર્વે ગ્રહસ્થો પોતપોતાના વતન તરફ રવાને થયા.

આ હકીકત લખતાં ભૂલી જવું ન જોઇએ કે અમદાવાદના સંઘના આગેવાન ગ્રહસ્થોએ આ પ્રસંગે બહાર ગામથી આવેલા ગ્રહસ્થોનો સારી રીતે આદર સત્કાર કર્યો છે એટલુંજ નહીં પણ તેમણે સૂચવેલી બાબતો ઉપર પુરતું લક્ષ આપ્યું છે અને દીર્ઘદ્રષ્ટીએ વિચાર કરીને કરાવો કર્યા છે. તેથી તેઓ સાહેબનો પણ આ જગ્યાએ આભાર માનવો ઘટે છે.

બહાર ગામથી આવેલા ગ્રહસ્થો પણ ધર્મ કાર્યને માટે આવેલા, ધર્મ ચુસ્ત અને જિન પૂજા–સામાયક–પ્રતિક્રમણ–તપ–જપાદિક ધર્મ ક્રિયામાં તત્પર હોવાથી કેટલેક દરજ્જે પોતાની ધારણામાં ફળીભૂત થયા છે. હવે સંપૂર્ણપણે ફળીભૂત થવાનો મુખ્ય આધાર અમદાવાદના સંઘ ઉપર, નદીવટ કરનાર પ્રતિનિધીઓના ઉપર અને તેમના પોતાના ઉપર છે. જો તે સર્વે કબુલ કરેલા કાર્યો કરવામાં તત્પર રહેશે અને પોતાના વચનોને સાર્થક કરશે તો ઉપર જણાવેલા સર્વે કાર્યો સિદ્ધ થશે અને તેમનું આ ભવ અને પરભવનું હિત વૃદ્ધિ પ્રત્યે પામશે. તથાસ્તુ.

---

# દ્રૌપદી.

અનુસંધાન પૃષ્ટ ૧૧૦ મેથી.

પતિના નાસી જવાથી દુઃખિત થયેલી સુકુમાલિકા બેઠી બેઠી રૂદન કરે છે તેવામાં વર વધૂને માટે ભદ્રા શેઠાણીએ દાતણ પાણી લઇને મોકલેલી દાસી ત્યાં આવી. સુકુમાલિકાને ચિંતાતુર અવસ્થામાં બેઠેલી જોઈ તેણીએ કહ્યું–'બ્હેન ! તું શા સંકલ્પવિકલ્પ કરે છે? ચિંતાતુર કેમ દેખાય છે? આર્ત ધ્યાનમાં કેમ પડી છે?' તેણીએ કહ્યું કે સાગરપુત્ર રાત્રીમાં મને સૂતી મુકી વાસ ગૃહના બારણા ઊઘાડી કસાઇના ઘરમાંથી છુટેલો પ્રાણી નાસી જાય તેમ નાસી ગયો છે. તેના ગયા પછી થોડીવારે હું જાગી ઊઠી ત્યારે ઘરમાં ચોતરફ તપાસ કરી પણ કોઈ જગ્યાએ તેને જોયો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નહીં ને વાસગૃહના બારણા ઊઘાડા દીઠા એટલે તે સમયથી મારા ઉત્તમ મનોરથ હણાયા જાણી શોક કરતી હું બેઠી છું. તેના મુખથી એ પ્રકારનો વૃત્તાંત સાંભળી દાસીએ સાગરદત્તશેઠ પાસે જઇ તે વર્તમાન કહ્યા. શેઠ પણ તેવા સમાચાર સાંભળી ક્રોધાકુળ થયા અને તરતજ જિનદત્ત શેઠ પાસે જઇ ઉપાલંભ દેવા લાગ્યા કે–' હે દેવાનુપ્રિય! આ શું કર્યું! તમારૂં યોગ્ય ઘર જોઇ મારી પુત્રી આપી તો તમારે તમારા કુળને અનુચિત કરવું ન ઘટે. આ કાંઇ વાણીઆના વ્યાપાર જેવું કામ નથી કે તમારો પુત્ર કાંઇ પણ દોષ જાણ્યા વિના–દેખાડ્યા વિના એકદમ મારી પુત્રીને છોડીને અત્રે ચાલ્યો આવ્યો. જયારથી તે ગુપ્ત રીતે અત્રે નાસી આવ્યો છે ત્યારથી સુકુમાલિકા, ખેદ પામતી–રૂદન કરતી–પોતાના કર્મને ઉપાલંભ દેતી બેઠી છે.' એવું સાંભળી જિનદત્તશેઠ ઊઠ્યા અને જ્યાં પુત્ર હતો ત્યાં જઇ તેને ઠપકો આપવા લાગ્યા કે તેં બહુજ અઘટિત કર્યું–અનુચિત કર્યું કે તું સાગરશેઠને ત્યાંથી એકદમ અત્રે નાસી આવ્યો; માટે હવે તું જલદી ત્યાં પાછો જા. તે વારે પુત્રે કહ્યું કે–હે તાત! કહો તો પર્વત ઉપરથી ઝંપાપાત ખાઉં, કહો તો વૃક્ષ ઉપરથી પડું, કહો તો મરૂસ્થળમાં જઇ જળ વિના દેહ ત્યાગ કરૂં, કહો તો અગ્નિમાં પ્રવેશ કરૂં, કહો તો પાણીમાં બુડી મરૂં, કહો તો વિષ ખાઉં, કહો તો શસ્ત્રે કરીને શરીર વિદારી નાંખું, કહો તો ગીધ પક્ષીનો ભક્ષ થાઉં, કહો તો દીક્ષા અંગીકાર કરૂં, કહો તો દેશ વિદેશ જાઉં અને કહો તો તમે જેટલા બોલ કહો તેટલા સહન કરૂં પરંતુ હું સાગરદત્ત સાર્થવાહને ઘેર હવે નહિ જાઉં. તેના આવા વચન ભીંતને અંતરેથી સાંભળીને લજ્જા પામેલો સાગર શેઠ ત્યાંથી નીકળી પોતાને ઘરે આવ્યો. ત્યાં સુકુમાલિકાને તેડાવી પોતાની સમીપે બેસારીને પુછ્યું કે–હે પુત્રી! શા કારણે તને સાગર પુત્રે છોડી તે તું જાણતી હોય તો કહે. તેણીએ કાંઇ ઉત્તર ન આપ્યો એટલે તેણે કહ્યું કે હવે એ અત્રે આવનાર નથી માટે હું જેને તું વ્હાલી લાગે તેવા પુરૂષને આપું. તેની સાથે તું સુખમાં દિવસ નિર્ગમન કરજે અને તેથી તું તેને ઘણી વ્હાલી લાગશે. એમ કહી આસનાવાસના કરી તેણીને વિસર્જી.

એક દિવસ સાગરદત્તશેઠ અગાસીમાં બેઠા છે તેવામાં તેણે કોઇ રાંક પુરૂષને માર્ગે જતો જોયો. તેણે જીર્ણ વસ્ત્ર પહેરેલાં હતા, હાથમાં ભિક્ષા માગવાના ઠામડાં હતાં અને મોંઢે માખીઓ બણબણતી હતી. શેઠ સેવક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુરુષોને બોલાવી આદેશ કર્યો કે આ રાંક પુરુષને આહારનો લોભ દેખાડીને ઘરમાં પ્રવેશ કરાવો. ઘરમાં લાવી તેના ઠામડાં તથા વસ્ત્ર એકાંતે મુકાવી, નાપીત પાસે તેનું મસ્તક દાઢી મુછ સમરાવી, ઉષ્ણ જળથી ન્હાવણ કરાવી, બહુ મૂલ્ય વસ્ત્ર આભરણ પહેરાવો. પછી ચાર પ્રકારના મનોજ્ઞ આહાર કરાવી મારી પાસે લાવો. તેઓ તે વાત અંગીકાર કરી રાંક પુરુષને સુંદર આહાર આપવાનો લોભ દેખાડી અંદર લાવ્યા. ત્યાં તેના વસ્ત્ર તથા ઠામડાં લઇને દૂર મુકવા માંડ્યા તે વારે તેણે પોકાર પાડવા માંડ્યો. સાગરદત્તશેઠ પોકાર સાંભળીને સેવક પુરુષોને હુકમ કર્યો કે એ તેના ઠામડાં તથા વસ્ત્ર દૂર ન મુકતાં તેની સમીપે મૂકો અને જેમ તે ખુશી રહે તેમ કરો. પછી તેઓએ તે પ્રમાણે કરી તેનું મસ્તક તથા દાઢી મુછ સમરાવી, ન્હાના પ્રકારના તેલ ચોળી ન્હવરાવ્યો અને રૂડાં વસ્ત્રાલંકારથી વિભૂષિત કરી મિષ્ટ પદાર્થોનું ભોજન કરાવ્યું. તે પછી તેને સાગરદત્તશેઠ પાસે તેડી લાવ્યા એટલે સાગરદત્ત શેઠે સુકુમાલિકાને અંઘોલ કરાવી, શુભ વસ્ત્ર પહેરાવી, તિલક કરાવી પોતાની પાસે તેડાવી તે રાંક પુરુષને કહ્યું કે–'હે દેવાનુપ્રિય ! આ મારી પુત્રી મને ઘણી વ્હાલી છે તે તુજને સ્રીપણે દઉ છું–પરણાવું છું. તમારૂં કલ્યાણ થાઓ.' એમ કહ્યું એટલે રાંક પુરુષે પણ તેનું વચન અંગીકાર કર્યું અને સુકુમાલિકાની સાથે વાસગૃહમાં ગયો. ત્યાં કેટલીક વખત સુધી વાતચીત કરી તેણીની સાથે શયન કર્યું એટલે તેને સાગર પુત્રની જેમ તેણીના શરીરનો સ્પર્શ ઘણો આકરો લાગ્યો. થોડીવાર સુધી તે દુઃખ સહન કરી જ્યારે સુકુમાલિકા ઊંઘી ગઇ ત્યારે ઉઠી વાસગૃહમાંથી બહાર નીકળી પોતાનાં ઠામડાં તથા વસ્ત્ર ગ્રહણ કરી, વાઘરીના હાથથી છુટેલો કાગ નાસી જાય તેમ નાસી ગયો. બે ઘડી પછી સુકુમાલિકા જાગી અને તેને જોયો નહિ એટલે ફાળ પડી. ઉઠીને ઘરમાં ચોતરફ તપાસ કર્યો પણ પત્તો લાગ્યો નહીં એટલે સંકલ્પવિકલ્પ કરતી–આર્તધ્યાન ચિંતવતી–નિઃશ્વાસ મેલતી બેઠી. પ્રભાતે અગાઉની રીતેજ દાસી પાણી લઇને આવી અને તેણીને શોકમાં બેઠેલી જોઇને પુછ્યું. તેણીએ રૂદન કરતે કરતે સર્વ સમાચાર કહ્યા. દાસીએ તે સમાચાર સાગર શેઠને નિવેદન કર્યા. શેઠ પણ તે સમાચારથી આકુળવ્યાકુળ થઇ સભ્રાંતપણે વાસગૃહમાં જ્યાં સુકુમાલિકા બેઠી હતી ત્યાં આવ્યો અને તેણીને ખોળામાં બેસારી આશ્વાસન આપી કહેવા લાગ્યો–બ્હેન ! પૂર્વ ભવે તેં હિંસા, મૃષા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઘાત, અદત્તાદાન, પરપુરૂષ ગમન વિગેરે કોઇ પણ પ્રકારનું પાપ કર્યું હશે; પાપકારી બીજા કોઇ કર્મ કર્યા હશે, જ્ઞાનાવરણી વિગેરે પાપ કર્મ ઉપાર્જન કર્યા હશે અથવા મહાત્માઓને દુભવ્યા હશે હે પુત્રી! તેમાંનું કોઇ પણ અંતનું પાપ કર્મ તને ઉદય આવ્યું છે માટે હવે તું આર્તધ્યાન મુકી દે સંકલ્પ વિકલ્પ છોડી દે-દુઃખને વિસરી જા; અને મનમાં સંતોષ ધારણ કરી મારી દાનશાળાને વિષે ચાર પ્રકારના આહાર નીપજાવી જેમ પોટ્ટિલા શ્રાવિકાએ પૂર્વે દાન આપ્યું છે તેવી રીતે યાચકોને દાન આપતી વિચર.

પછી સુકુમાલિકા પણ પિતાનું વચન અંગીકાર કરી દાનશાળાને વિષે વિપુલ અશનપાન ખાદિમ સ્વાદિમ વસ્તુઓ બનાવી અતિથિ–ભીખારી–યાચક વિગેરે યાચકોને દેતી સુખ સમાધિમાં રહેવા લાગી.

તેવા સમયમાં એકદા ગોપાલિકા નામે આર્યા ઘણા પરિવાર સહિત તે નગર પ્રત્યે આવ્યા તેમના પરીવાર માંહેની સાધ્વીઓ નગરને વિષે વહોરવા ગઇ. ત્યાં ઉંચ નીચ મધ્યમ ઘરોમાં પરિભ્રમણ કરતા સુકુમાલિકાના ગૃહને વિષે પ્રવેશ કર્યો. સુકુમાલિકાએ તેમને સારી રીતે પ્રતિલાભીને, જેમ સુવ્રતા આર્યાની સાધ્વીઓને પોટ્ટિલા શ્રાવિકાએ પુછ્યું હતું તેમ પુછ્યું–અહો આર્યાઓ! હું સાગરપુત્ર નામે મારો ભર્તાર છે તેને અળખામણી થઇ છું, અનિષ્ટ લાગુ છું, અમનોરમ થઇ છું; વળી મને તે ઇચ્છે નહીં–વાંછે નહીં. મ્હારી સામુ જુવે નહીં, મારૂં નામ પણ લે નહીં, મ્હારી સાથે ભોગ પણ વાંછે નહિ એટલુંજ નહીં પણ જેને મારૂં શરીર અર્પણ કરૂં છું તેને અળખામણી લાગુ છું. અનિષ્ટ થઇ પડું છું અરૂચિકર લાગું છું તેનું શું કારણ હશે? હે સાધ્વીઓ! તમે ઘણા શાસ્ત્રની જાણ છો, ઘણા દેશમાં પરિભ્રમણ કરો છો અને કોઇ મંત્ર યંત્રાદિની આમ્નાય પણ પામ્યા હશો તો તે ઉપરથી હું મારા ભર્તાર સાગરપુત્રને જેમ ઇષ્ટ–કાંત–મનોહર લાગું, વહાલી થાઉં, સહુને માનવા યોગ્ય થાઉં એવો કાંઇ ઉપાય બતાવો. તે વારે સાધ્વીઓએ કહ્યું–અમે કોઇ મંત્ર યંત્રાદિ સાંભળ્યા નથી તો બતાવીએ ક્યાંથી? પરંતુ અમે તો દયા મૂળ ધર્મની પ્રરૂપણા કરીએ છીએ એમ કહી તેણીને ધર્મનું સ્વરૂપ સમજાવ્યું. વળી કહ્યું કે ધર્મથી સર્વ ઇષ્ટ પદાર્થની સિદ્ધિ થશે માટે ધર્મનું આરાધન કરવું એ ઉત્તમમાં ઉત્તમ મંત્ર છે. એવું સાંભળી સુકુમાલિકા ધર્માનુરાગી થઇ–શ્રાવિકા થઇ અને બાર વ્રત ધારણ કર્યા. તે ઉપરાંત દિક્ષા લેવાની ચિંતા પણ મન માંહે ધારણ કરી. પછી પોતાના પિતાને તથા પતિ સાગરપુત્રને પુછીને ઘણે આડંબરે ગોપાલિકાઆર્યા પાસે દિક્ષા અંગીકાર કરી. તે સુકુમાલિકા સાધ્વી ઇર્યાસમિતિએ સમિતિવંત થઇ, પાંચ સુમતિ અને ત્રણ ગુપ્તિની ધારનારી થઇ–ઘોર બ્રહ્મચર્ય વ્રતને ધારણ કરનારી થઇ અને ઉપવાસ, છઠ, અઠમાદિ તપ કરતી વિચરવા લાગી.

ચાલુ.

For Private And Personal Use Only